# આનંદાલય

## અર્ધવાર્ષિક મૂલ્યાંકન કસોટી

## ધોરણ – ૬

**વિષય : ગુજરાતી** **કુલ ગુણ : 30**

**તા : ૧૨.૦૯.૨૦૨૪** **સમય : ૧ કલાક 30 મિનિટ**

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો.** **૧×૪=૪**

૧ બીરબલની પુત્રીએ..............ભાષામાં જવાબ આપ્યો.

ક) ઉર્દૂ ખ) હિન્દી ગ) મરાઠી ઘ) પંજાબી

૨ મધમાખી અને .............મિત્ર હતા.

ક) મોર ખ) કબૂતર ગ) ચકલી ઘ) ચામાચીડિયું

3 મીનળદેવી............. ના રાજમાતા હતા.

ક) જુનાગઢ ખ) પાટણ ગ) રાજકોટ ઘ) ધોળકા

૪ રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ......... માં થયો હતો.

ક) બાંગ્લાદેશ ખ) ગુજરાત ગ) મહારાષ્ટ્ર ઘ) બંગાળ

**પ્રશ્ન:૨ નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક બે વાક્યમાં લખો.** **૧×૫=૫**

૧ અકરબ બીરબલના ઘરે શા માટે ગયા ?

૨ મધમાખીએ ચકલીને શું કહ્યું ?

3 જાત્રાવેરો નાબુદ કરવા મીનળદેવીએ શું કર્યું હતું ?

૪ રવીન્દ્રનાથ ટાગોરને લોકો કયા નામે ઓળખતા હતા ?

૫ ધોળકાના તળાવના બાંધકામમાં કઈ મુશ્કેલી હતી ?

**પ્રશ્ન:3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **૨×3=૬**

૧ ચકલી શા માટે ઉદાસ બેઠી હતી ?

૨ અકબર બાદશાહે બીરબલની દીકરીને શું પૂછ્યું ? શા માટે ?

3 મીનળદેવી ન્યાયપ્રિય અને પ્રજાપ્રિય હતા , એવું કઈ રીતે કહી શકાય ?

**પ્રશ્ન:૪ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો.** **૧×૪=૪**

૧ કલકતા પાસે રવીન્દ્રનાથ ટાગોરે .................. નામના વિદ્યાલયની સ્થાપના કરી હતી.

૨ મીનળદેવીએ ............... મંદિરનો જાત્રાવેરો નાબુદ કરાવ્યો હતો.

3 ચકલીને.................. નું મહત્વ સમજાય ગયું.

૪ બાદશાહ અકબરે બીરબલની પુત્રીને ખુશ થઈને ................આપ્યો.

**(બ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **૧×૪=૪**

૧) માતા ૨) ચતુર ૩) મિત્ર ૪) પુત્ર

**(ક) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×૨=૨**

૧) હોંશીયાર ૨) ભવીષ્ય

**પ્રશ્ન:૫ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **૧×૫=૫**

એક કૂતરો હતો. તે સ્વભાવે ભારે લાલચુ અને ઝઘડાખોર હતો. તે ઘણી વખત પોતાનાથી નબળા કૂતરા પાસેથી ખાવાનું પડાવી લેતો હતો. એક દિવસ તેને એક રોટલો મળ્યો ને તે રાજી રાજી થઈ ગયો. તેણે રોટલો મોંમાં લીધો. તેને થયું, થોડે દૂર જઈને નિરાંતે રોટલો ખાઈશ.' તે ભાગ્યો અને દોડતો દોડતો ગામના છેવાડે પહોંચી ગયો. ત્યાં નદી વહેતી હતી.વધુ સલામત જગ્યાએ પહોંચવા તે નદી ઓળંગીને સામેના કિનારે જવા તૈયાર થયો.

કૂતરાની નજર નદીના પાણીમાં ગઈ. તેણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. પ્રતિબિંબ જોઈને તેને લાગ્યું કે નીચે બીજો કૂતરો ઊભો છે અને તેના મોંમાં પણ રોટલો છે. બીજા કૂતરાના મોમાં રોટલાને જોઈને તેને લાલચ થઈ આવી કે “લાવ આ કૂતરાનો પણ રોટલો પડાવી લઉં તો મને બે રોટલા ખાવા મળે.” એવું વિચારી બીજા કૂતરાને બીવડાવવા માટે ભસવા તેનું મોં ખોલ્યું. પણ જેવું તેણે મોં ખોલ્યું કે તરત તેના મોંમાં જે રોટલો હતો તે નદીના ઊંડા પાણીમાં પડી ગયો.કૂતરાને ભાન થયું, આ તો મેં ખોટું કર્યું. બીજાનો રોટલો ઝૂંટવવા જતાં મેં મારો રોટલો પણ ગુમાવ્યો.' સાચી વાત છે કે લાલચનું પરિણામ ખરાબ જ આવે.

૧ કૂતરાનો સ્વભાવ કેવો હતો ?

૨ કૂતરાએ નદીના પાણીમાં શું જોયું ?

3 પાણીમાં બીજો કૂતરો છે તેવું જોઇને કૂતરાએ શું વિચાર્યું ?

૪ કૂતરો શા માટે ભાગતો ભાગતો ગામના છેવાડે પહોચી ગયો ?

૫ આ ગદ્યાંશમાંથી શું શીખ મળે છે તે તમારા શબ્દોમાં લખો.